ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૬ ટકા

# અમારા સે-૧૬માં સફાઈ કામગીરી ન થતા ભારે હાલાકી

## સે-૧૬ના રંગમંચમાં રસોડા વ્યવસ્થાની અસુવિધા અને કચરાપેટીનો અભાવ

અમારૂ સેક્ટર અમારી સમસ્યા

ગાંધીનગર, તા.૬

અમારા સેકટરમાં સફાઈનો મુખ્ય પ્રશ્ન છે. સાથે સાથે સૌ પ્રથમ અહીં જ સેકટર-૧૬માં શરૂ થયેલી સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે શરૂ થયેલ દવાખાનું હવે બંધ છે અને સેકટરની દુકાનો બહારની સાફસફાઈ પણ હવે પ્રાઈવેટ માણસો રાખીને કરાવી પડી રહી છે. ઉપરોકત શબ્દો સે-૧૬ વસાહત મંડળના અગ્રણીઓના છે. ગાંધીનગર સમાચારે સે-૧૬ની મુલાકાત



લેતા સેકટરની સમસ્યા અંગે વસાહતીઓએ ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

સે-૧૬ની મુખ્ય સમસ્યાઓમાં સફાઈ, રંગમંચનું અધુરું થયેલ રિનોવેશન, ઘ-૪ વાળા રસ્તાનું ડાયવર્ટીફિકેશન સે-૧૬ તરફ થવાથી વધતો ટ્રાફિક, પાર્કિંગના પ્રશ્નો ઈન્કવાયરી ઓફિસ કોન્ટ્રાકટ પર આપી હોવાથી સુવિધાનો ૧૪ કલાકના સમયમાં અભાવ છે.

પ્રથમ શહેર વસાહત મંડળની સ્થાપના સે-૧૬ ખાતેથી થઈ હતી ત્યારબાદ દરેક સેકટરના વસાહત મંડળો સ્થપાયા. આ શહેર વસાહત મંડળના સ્થાપક પ્રમુખ અને ગાંધીનગરના અગ્રણી એવા અરૂણ બુચના જણાવ્યા અનુસાર સે-૧૬ એ ગાંધીનગરમાં દરેક પ્રથમ વખત થયેલ પ્રવૃત્તિનું સાક્ષી છે. અહીં સૌ પ્રથમવાર સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ છે. ગાંધીનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની શરૂઆત સે-૧૬ થી જ થઈ છે. જેને આ વર્ષે ૫૦ વર્ષ પૂર્ણ થાય છે. સે-૧૬માં એક બગીચાની સારસંભાળ રખાય છે. બાકી રંગમંચનું ભાડુ જે ૨૫ પૈસાથી શરૂ થયું હતું તે આજે ૧૦,૦૦૦ થતા સ્થાનિકો આનો ઉપયોગ કરી શકતા નથી. રંગમચમાં લાયબ્રેરી તથા રમતગમતના સાધનો મુકાય તેવી વ્યવસ્થા થવી જોઈએ.



જો રંગમંચ લગ્ન પ્રસંગે કે શુભ પ્રસંગે ભાડે આપવાનું છે તો રસોડા વ્યવસ્થા જરૂરી છે તે બનાવ્યું નથી. કવાટર્સની સાફસફાઈ થતી નથી કારણ કે સરકાર કર ભરતી નથી અને કોર્પોરેશન તરફથી સફાઈ કામગીરી હાથ ધરવામાં આવતી નથી. સેકટરમાં કચરાપેટી મુકાઈ છે પણ રંગમંચની બહાર જ કચરાપેટી નથી. જો ત્યાં કચરાપેટી મુકવામાં આવે તો પ્રસંગો બાદ થતા કચરાનો નિકાલ ત્યાં જ થઈ જાય. ઈન્કવાયરી ઓફિસ કોન્ટ્રાકટ પર આપી છે. એટલે જો રાત્રે લાઈટ જાય તો રીપેર કરવાવાળું



કોઈ નથી.

સે-૧૬માં વર્ષોથી વેપાર કરતા વેપારી નિતીન પોપટના કહ્યા અનુસાર હું વર્ષોથી વેપાર કરું છું. પહેલાની જેમ હવે સફાઈ થતી નથી ઉપરાંત સેકટરમાં શોપીંગના વેપારીઓ માટે કોઈ શૌચાલયની સુવિધા નથી. હાલના સમયમાં ઘ-૪ વાળા રસ્તા પર કામ શરૂ થતા સે-૧૬માં બધો જ ટ્રાફિક ડાયવર્ટ થયો છે. જેના લીધે આખો દિવસ સેકટરમાં વાહનોના ઘોંઘાટ સંભળાયા કરે છે. આ ઉપરાંત જયારે સે-૧૭ના હેલીપેડ પર કાર્યક્રમ થાય ત્યારે સે-૧૬ સુધી પાર્કિંગ થાય છે જેને લીધે ઘણી સમસ્યા ઉદભવે છે.



સે-૧૬ના વેપારી અને વસાહત મંડળના સભ્યોના જણાવ્યા અનુસાર સે-૧૬માં સફાઈ તથા જણાવેલ અન્ય સમસ્યા પર ધ્યાન લેવાય તેવી તેમની તંત્ર પાસે માંગ છે.

### સેકટર-૧૭ હેલિપેડ પ્રદર્શન ભરાય ત્યારે સેકટર-૧૬ સુધી પાર્કિંગ તથા સેકટરમાં સમસ્યા

# એચઆઈવી પોઝીટીવ સગર્ભા મહિલાઓનું સીમંત ભરાયું

## જન્મ પછી નેગેટીવ રિપોર્ટ આવેલ દિકરીઓનું સન્માન કરાયું

## જીએસએનપી પ્લસના ૧૮ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વિશેષ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર ખાતે એઈડસ-એચઆઈવી પોઝીટીવ દર્દીઓ માટે કાર્યરત જીએસએનપી પ્લસ સંસ્થા દ્વારા ૧૮ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે એઆરટી સેન્ટર પર આજે એચઆઈવી પોઝીટીવ સગર્ભા માતાની ગોદ ભરાઈ એટલે કે સીમંતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે જે બાળકોમાં ૧૮ માસની તપાસ બાદ એચઆઈવીનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હોય તેવી દિકરીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પ્રોગ્રામ ઓફિસર જયોતિ રાઉત દ્વારા લાયન્સ કલબ અમદાવાદ અને કલોલ ઉપરાતં ગાંધીનગર વિહાન પ્રોજેકટના સહયોગથી યોજાયો હતો.





ગુજરાત એઈડસ કન્ટ્રોલ સોસાયટીના ટેકનિકલ સહયોગથી જીએસએનપી પ્લસ સંસ્થા દ્વારા 'સ્વેટ' કાર્યક્રમ ચલાવાય છે જે અંતર્ગત સગર્ભા માતાની પબ્લિક અને પ્રાઈવેટ સેકટરમાં સીફીલીસ તથા એચઆઈવી તપાસ થાય અને જે તપાસ દરમિયાન માતાનું એચઆઈવી પોઝીટીવ નિદાન થાય તે તેની સારવાર અને જન્મ લેનાર બાળકને એચઆઈવીથી બચાવી શકાય તેમજ એચઆઈવી મુકત પેઢીનું નિર્માણ થાય તે માટે કાર્યરત છે. જીએસએનપી પ્લસ સંસ્થાને આજે ૧૮ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ૬ સગર્ભા માતાઓ માટે બેબી શાવર યોજવામાં આવ્યું હતું. જેમાં તેમને નવા કપડાંની જોડી, અનાજની કીટ વગેરે સાથે કેક સેલિબ્રેશન કરાયું હતું તથા એચઆઈવી નેગેટીવ પાંચ દિકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા ટીબી-એચઆઈવી અધિકારીઓમાં જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ડૉ. એમ.બી. ચૌહાણ, સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. નિયતીબેન, એઆરટી સેન્ટરના નોડલ ઓફિસર, ડૉ. શશી મુન્દ્રા તથા મેડીકલ ઓફિસર ડૉ. બી.કે. સોલંકી, માઈક્રો ડીપાર્ટમેન્ટના હેડ ડૉ. સીમા ભટ્ટ તથા એસોસિએટ પ્રોફેસર ડૉ. ગૌરી શંકર શ્રીમાળી તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



### યોગ્ય જાગૃતિ સાથેની નિયમિત સારવારથી બાળક એચઆઈવીથી બચી શકે

એચઆઈવી પોઝીટીવ માતા જો એઆરટી સારવાર નિયમિત લેતા હોય અને બાળકના જન્મ બાદ દોઢથી ત્રણ માસ સુધી નેવરાપીન નામની સીરપ નિયમિત આપવામાં આવે તો બાળક એચઆઈવી નેગેટીવ થવાની શકયતા વધી જાય છે. જિલ્લામાં ૮૫ એએનસી મહિલા સગર્ભા પૈકી ૩૦ બાળકો જેમાં ૨૦ દિકરા અને ૧૦ દિકરીઓનો નેગેટીવ રિપોર્ટ આવેલ છે. બાળકના જન્મબાદ ૧૮ માસ સુધી ફોલોઅપ ટેસ્ટીંગ કરાય છે.

# શહેરમાં વધુ જેનરિક સ્ટોર્સ ખોલવા જાગ્રત નાગરિક પરિષદની માંગ

ગાંધીનગર, તા.૬

જાગ્રત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની તાજેતરની બેઠક જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષ સ્થાને બેઠી હતી. જેમાં ગુજરાતમાં જેનરિક દવાઓની ગ્રાહકો માટેની કિંમત સુનિશ્ચિત કરવા, વધુ સ્ટોર ખોલવા તેમજ જેનરિક દવાઓની સપ્લાય ચેઈન સુદઢ કરવા ગાંધીનગર જાગ્રત પરિષદ દ્વારા રાજય સરકારને અપીલ કરવામાં આવી છે.

ગુજરાતમાં એક જ કંપનીની અલગ અલગ ભાવથી વેચાતી જેનરિક દવાઓથી દર્દીને પૂરતો લાભ મળતો નથી. જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળેલી જાગ્રત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠકમાં આ અંગે ઠરાવ પસાર કરતા સુચન કરવામાં આવ્યા છે જેમાં આરોગ્યનો અધિકાર આપવાની દિશામાં કરેલ અભિનંદનીય કામગીરી ગુજરાત સરકારે જેનરિક દવાઓ રાહત દરે ઉપલબ્ધ કરાવી તેને બિરદાવવામાં આવી હતી. આ ઉપરાંત અમુક સૂચનોની ચર્ચા થઈ હતી. જેમાં જણાવાયું હતુ કે, ગુજરાતમાં એક જ કંપનીની જેનરિક દવાઓ અલગ અલગ ભાવથી વેચાતી હોવાથી દર્દીઓને રાહતનો પૂરતો લાભ મળતો નથી. ફાર્મસીઓ દવાઓ ઉપર એમઆરપી આપે છે તે ગુજરાત માટે સરકારે નક્કી કરેલા દવાઓના ભાવ છાપે તે સુનિશ્ચિત કરવું જોઈએ આથી વચેટીયાઓ દ્વારા થતી ગેરરિતી દૂર થાય. ગુજરાતમાં તાલુકા કક્ષાના સરકારી દવાખાનાઓમાં આપવામાં આવેલ દિનદયાળ જેનરિક સ્ટોર ખોલવાનો લક્ષ્યાંક ઝડપથી પૂરો કરવો જોઈએ તથા વોર્ડ વાર ત્રણ જેનરિક સ્ટોર્સ ખોલવાની આવશ્યકતા સુનિશ્ચિત કરવી જોઈએ. તમામ દિનદયાળ જેનરિક સ્ટોર્સમાં દવાઓનો પૂરતો સ્ટોક જળવાઈ રહે તે માટે ડિઝીટલ સિસ્ટમ કાર્યરત કરવી જોઈએ.

રાજયના પ્રશ્નો અંગે ચિંતન અને અનુભવ દ્વારા રચનાત્મક માર્ગો સૂચવતી ગાંધીનગર જાગ્રત નાગરિક પરિષદની આ બેઠકમાં એચ.બી. વરિયા, જયોતિન્દ્ર દવે, ભાનુપ્રસાદ પુરાણી, એસ.ડી.આર. મલિક, નિરંજનભાઈ ઓઝા, સુમંતભાઈ શાહ, દશરથભાઈ પરમાર, રાજેન્દ્રભાઈ પારેખ, જીવણલાલ પરમાર, હસમુખભાઈ ઠાકર આ તમામે ઉપસ્થિત રહી ખાસ સૂચનો કર્યા હતા.

# સાઈ ખાતે કબડ્ડી અને હેન્ડબોલની રમત માટે પસંદગી પ્રક્રિયાનું આયોજન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટર ખાતે આગામી તા. ૧૮મી અને ૧૯મી ફેબ્રુઆરી દરમિયાન કબડ્ડી તથા હેન્ડબોલની રમતો માટે સિલેકશન ટ્રાયલન્સનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષ માટે બંને રમતના પુરુષ તથા મહિલા એમ બંને વિભાગોમાં ખેલાડીઓની પસંદગી પ્રક્રિયા યોજાઈ રહી છે. જેમાં ખેલાડીઓની વય મર્યાદા ૧૪ થી ૨૦ વર્ષની નિયત કરવામાં આવી છે. જે ખેલાડીઓ રાજય કે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ ચુકયા હોય અથવા તેને સમકક્ષ સ્પર્ધામાં ભાગ લઈ ચુકયા હોય જે સંલગ્ન રમતના રાષ્ટ્રીય રમતગમત ફેડરેશન દ્વારા માન્ય હોય તેને પસંદગી પ્રક્રિયામાં સામેલ કરાશે.

ખેલાડીઓએ પસંદગી પ્રક્રિયામાં પોતાના ખર્ચે તમામ ઓરિજીનલ દસ્તાવેજો તેની પ્રમાણિક નકલો સાથે જેમાં વય લાયકાત, શૈક્ષણિક લાયકાત ઉપરાંત આધારકાર્ડ અને રમતમાં મેળવેલ સિધ્ધિઓ જે છેલ્લા બે વર્ષમાં પ્રાપ્ત થઈ હોય તેની સાથે આવવાનું રહેશે. પસંદગી પ્રક્રિયામાં પસંદગી પામનાર ખેલાડીઓને સાઈ દ્વારા નિષ્ણાંત કોચ આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા સાધનો સાથે તાલીમ આપશે તેમજ તાલીમ દરમિયાન રહેવા જમવાની નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ થશે. આ સાથે તેમને વિવિધ સ્પર્ધામાં ભાગ લેવાની તક સાથે સ્પોર્ટસ કીટ, મેડીકલ તથા ઈન્શ્યુરન્સ કવર અને શિક્ષણ ખર્ચની સુવિધા પણ આપવામાં આવશે. સિલેકશન ટ્રાયલ્સ અંગે વધુ વિગત માટે ઈન્ચાર્જનો મો.નં. ૯૦૨૩૯૯૮૨૨૯ પર સંપર્ક સાધી શકાશે.

# દિકરીને મળવા આવતા વડીલનું અકસ્માતમાં મૃત્યુ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના કલોલ રેલ્વે પૂર્વમાં મોતીનગર વિસ્તારમાં રહેતા અને મજુરી કામ કરતા ચતુરજી સેંધાજી ઠાકોર ગુરુવારના રોજ સવારના સમયે ગાંધીનગરના બોરીજ ગામે રહેતી દિકરીને મળવા માટે ઘરેથી નીકળ્યા હતા. ત્યારે ભોંયણ રાઠોડ ગામ પાસે તેઓ અચાનક રીક્ષામાંથી પડી ગયા હતા.આ બનાવમાં રીક્ષાનું ટાયર તેમના પર ફરી વળ્યું હતું. જેને પગલે વડીલને પરિવારજનોએ તાત્કાલીક નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જો કે તેમને પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા આઈસીયુમાં એડમીટ કર્યા હતા. જો કે સારવાર દરમિયાન તેમનું મૃત્યું નિપજયું હતું. જેને પગલે મૃતકના દિકરા શંકરજી ઠાકોરે રાત્રે પેથાપુરપોલીસ મથકમાં જી.જે.૧૮. એ.એકસ-૪૯૨૮નંબરની રીક્ષાના ચાલક સામે ફરીયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી મૃતદેહનું પીએમ કરાવી રીક્ષા ચાલક અમરત ગોંવિદભાઈ દેસાઈ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મિત્રતામાં લીધેલા ૨૫ લાખ મહિલા અધિકારી પરત ન આપતા હોવાની રાવ

## હિસાબી સંવર્ગ અધિકારીની સે-૭ પોલીસમાં અરજી કરી ફરીયાદ નોંધવા માંગ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવતા એક આધેડ વયના અધિકારીએ મહિલા અધિકારી સામે ગંભીર આક્ષેપો સાથે સેકટર-૭ પોલીસ મથકે અરજી કરી છે. જેમાં આધેડ વયના અધિકારીએ આક્ષેપ કરતા જણાવ્યું છે કે વર્ષ ૨૦૦૩ થી ટુકડે ટુકડે મહિલા અધિકારીને રૂ.૨૫ લાખ અને ૨૦૦ ગ્રામ સોનું પણ ખરીદી આપેલ હતું. ત્યારે હવે અરજીકર્તા અધિકારીએ રૂપીયા અને સોનું પરત માંગતા મહિલા અધિકારીએ તેમની સામે ખોટા કેસો કર્યા છે.જેથી અરજીકર્તા દ્વારા મહિલા અધિકારી સામે વિશ્વાસઘાત, છેતરપિંડી, અને બળજબરીથી નાણા પડાવા જેવા ગંભીર ગુનામાં સંડોવી દેવાની ધમકી આપવામાં આવતી હોવાનો આક્ષેપો સાથે પોલીસમાં અરજી કરાઈ છે. તે ઉપરાંત અરજીકર્તાનો આક્ષેપ છે કે મહિલા અધિકારી પોલીસ વિભાગમાં ઓળખાણ ધરાવતા હોવાથી ફરીયાદ નોંધાવા દેતા નથી. અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં વર્ષ૨૦૦૩ માં અરજીકર્તા અધિકારીની બદલી થઈ હતી. ત્યારબાદ તેઓ મહિલા અધિકારીના સંપર્કમાં આવ્યા હતા. એક જ વિસ્તારના હોવાથી બંન્ને વચ્ચે સામાન્ય મિત્રતા બાદ એક-બીજાની સ્વૈચ્છીક સમંતિથી આદર્શ ફ્રેન્ડશીપનો સંબંધ બંધાયો હતો. અરજીકર્તાના આક્ષેપ મુજબ તેઓ બંન્ને જયારે બહાર ફરવા માટે જતા હતા. તે સમયે મિત્રતા દરમિયાન મહિલા અધિકારીની માંગણી પ્રમાણે તેઓએ ટુકડે ટુકડે રૂપીયા આપ્યા હતા અને સોનું પણ ખરીદી આપેલ હતું.





સાબરકાંઠા અરવલ્લી જિલ્લા રોહિત સમાજ વિકાસ મંડળ ગાંધીનગર દ્વારા રવિવારે ડૉ. આંબેડકર હોલ ખાતે વાર્ષિક સ્નેહમિલન તથા તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં શૈક્ષણિક ક્ષેત્રે તથા વિશિષ્ટ યોગ્યતા ધરાવતા બાળકોને ઈનામ વિતરણ તથા નોકરીમાં નવ નિયુકત કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ કલ્પેશ પરમાર દ્વારા ઉપસ્થિત સર્વેનો આભાર માનવામાં આવ્યો છે.

# એલસીબીએ બે વાહનચોર ઝડપી પાડ્યા

ગાંધીનગર એલસીબી પોલીસે બે શખ્સોને ચોરીના ત્રણ વાહનો સાથે પકડી પાડ્યા છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડની ટીમ માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે સમયે એસએસઆઈ હજારીસિંહને ખાનગી રાહે બાઈક ચોરો અંગે બાતમી મળી હતી. જેથી એલસીબી ટીમના જવાનો ડોડીયાપાર ત્રણ રસ્તા પાસેથી પ્રાંતિજના અરજણ ઉર્ફે જીગો શિવાભાઈ રાવળ (ઉં.વ.૨૮), તેમજ પ્રહલાદસિંહ બાબુસિંહ પરમાર (ઉં.વ.૨૫)ને પકડી પાડ્યો હતો. તેમની પાસેથી પોલીસને બે બાઈક અને એકસેસ મળી આવ્યું હતું. આ ત્રણ વાહનોમાં એકસેસ કલોલના કપિલેશ્વર મહાદેવ મંદિર પાસેથી ચાર મહિના પહેલા અને એક માસ પહેલા બે બાઈક પ્રાંતિજ વિસ્તારમાંથી ચોરી કર્યા હતા. જેનો નંબર જી.જે.૦૯.એ.સી. ૦૧૯૧, તેમજ જી.જે.૦૯.એ.કે. ૦૩૬૫ છે. જયારે એકસેસ પ્રાંતિજ પાસે કેનાલ પાસે ઝાડીમાં મુકી દીધુ હતું. જયારે બંન્ને બાઈક લઈને તેઓ ફરી રહ્યા હતા. ત્યારે એલસીબી બંન્ને શખ્સોની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**મલંગ**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**શિકારા**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
**હેક્ડ**
૧૨.૧૫, ૮.૦૫
**જવાની જાનેમન**
૨.૫૫
**સ્ટ્રીટ ડાન્સર -૩**
૭.૦૦
**તાન્હાજી**
૧.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મલંગ**
૯.૪૦, ૧૦.૫૫, ૧૨.૩૦, ૧.૪૫, ૩.૨૦, ૪.૩૫, ૬.૧૦, ૭.૨૫, ૯.૦૦, ૧૦.૧૫
**શિકારા**
૯.૫૦, ૧૨.૨૫, ૫.૨૫, ૮.૦૫
**હેક્ડ**
૧૨.૨૫, ૩.૦૦, ૧૦.૪૦
**જવાની જાને મન**
૧૦.૩૫, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૪.૦૦
**તાન્હાજી**
૧.૧૦, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મલંગ**
૯.૩૦, ૧૧.૨૫, ૧૨.૧૦, ૨.૧૫, ૩.૧૦, ૫.૦૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૫
**શિકારા**
૯.૨૦, ૩.૦૦
**હેક્ડ**
૧૧.૪૦, ૫.૩૫, ૮.૦૦
**જવાની જાને મન**
૧૦.૧૦, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૨.૦૫, ૭.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૫
**તાન્હાજી**
૯.૦૦, ૫.૦૦, ૧૦.૪૦

## આજે સે-૩ ન્યુ ખાતે શિવશકિત મંદિર ખાતે ૧૮મો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૬

આજે શિવશકિત મંદિર સે-૩ ન્યુ ખાતે ૧૮મો પાટોત્સવ યોજાશે. જે અંતર્ગત બપોરે ૧.૩૦ વાગ્યે યજ્ઞ પ્રારંભ, ૪.૩૦ વાગ્યે અંબે મા મંદિર શિખર ધ્વજારોહણ, ૪.૪૧ કલાકે ભોલેનાથ મંદિર શિખરનું ધ્વજારોહણ તથા ૫ વાગ્યે યજ્ઞ પૂર્ણાહુતી થશે. સંસ્થાના પ્રમુખ દિલીપકુમાર વૈષ્ણવ તથા મંત્રી બાબુભાઈ પ્રજાપતિ દ્વારા સેકટરના તમામ રહેવાસીઓને સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## અન્સારી (મુસ્લિમ)ને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિમાં સમાવો

રાષ્ટ્રીય અન્સારી એકતા સંગઠન દ્વારા ગુજરાત સરકાર સમક્ષ અન્સારી (મુસ્લિમ) જ્ઞાતિને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જ્ઞાતિમાં સમાવેશ કરવા માટે કલેકટરશ્રીને આવેનદપત્ર આપીને રજુઆત કરેલ છે.

વિશેષમાં સરકારશ્રીના સામાજિક અને શૈક્ષણિક જ્ઞાતિમાં મનસારી (મુસ્લિમ)નો સમાવેશ કરાયેલ છે. ખરેખર ગુજરાતમાં મનસારી જ્ઞાતિના મુસ્લિમો વસવાટ કરતા નથી. જેને બદલે અન્સારી (મુસ્લિમ) ગુજરાતમાં સમાવેશ કર છે તેને લાભ આપવો જોઈએ. જે અંગે સરકારશ્રીમાં વિવિધ જગ્યાએ રજુઆતો કરેલ છે તો તાત્કાલીક ગુજરાત ઓબીસી યાદીમાં સમાવેશ કરવો. ગુજરાત રાજય રાષ્ટ્રીય અન્સારી એકતા સંગઠન (મુસ્લિમ) પ્રમુખ શ્રી શકીલઅહમદ અન્સારી મન્જુર મહમદ કમાલ અન્સારી, મન્જુર મહમદ મકાલ અન્સારી, સરફરાજ અનસારી, મહેબુબ આલ્બી અન્સારીને ભુલ સુધારવા રજુઆત કરેલ છે.